પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૬ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૧, રવિવાર; ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત લોકશાહીની જનની છે : મોદી

## કેટલાક લોકો ત્રાસવાદને રાજકીય હથિયાર બનાવી રહ્યા છે : UNGAમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પાકિસ્તાન પર પ્રહાર



ન્યૂયોર્ક, તા.૨૫

પીએમ નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસ પર છે. શુક્રવારના તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન સાથે વ્હાઈટ હાઉસમાં દ્વિપક્ષીય ચર્ચા કરી અને ત્યારબાદ ઊંછ્ઢ સંમેલનમાં સામેલ થયા. પીએમ મોદી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં પીએમ મોદીએ કહ્યું, હું તે દેશમાં રહું છું જેને મધર ઓફ ડેમોક્રેસી કહેવામાં આવે છે. પીએમ મોદીએ કહ્યું- ભારત લોકશાહીની જનની છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬માં સત્રમાં પોતાના સંબોધનની શરૂઆત અબ્દુલ્લા શાહિદને રાષ્ટ્રપતિ પદ સંભાળવા બદલ અભિનંદન આપીને કરી હતી. ેંદ્રચ્છ માં પીએમ મોદીએ કહ્યું કે, છેલ્લા દોઢ વર્ષથી સમગ્ર વિશ્વ ૧૦૦ વર્ષોની સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું છે. આ ભયંકર મહામારીમાં જીવ ગુમાવનાર તમામ લોકોને હું શ્રદ્ધાંજલિ આપું છું અને પરિવારો સાથે મારી સંવેદના વ્યક્ત કરું છું.

પીએમ મોદીએ કહ્યું કે, હું તે દેશનું પ્રતિનિધિત્વ કરું છું કે જેને મધર ઓફ ડેમોક્રેસીનું ગૌરવ પ્રાપ્ત છે. લોકશાહીની અમારી હજારો વર્ષોની મહાન પરંપરા રહી છે. આ ૧૫ મી ઓગસ્ટના રોજ, ભારતે તેની આઝાદીના ૭૫ માં વર્ષમાં

● અનુસંધાન પાન-૭ પર

# જમ્મુ - કાશ્મીર - લદાખ ભારતનો હિસ્સો હતા, છે અને રહેશે જ

## ઇમરાન ખાનને જડબા તોડ જવાબ આપનાર ભારતની યુવાન ઓફિસર સ્નેહા દુબે : આતંકવાદીઓને આશરો આપવો, મદદ અને સમર્થન પાક.ના ઇતિહાસ અને નીતિઓમાં સામેલ છે

નવી દિલ્હી,તા.૨૫

અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસના અંતિમ પડાવમાં વડાપ્રધાન મોદી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધન કરશે. આ પહેલા ભારતે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન તરફથી કાશ્મીરને લઈને આપવામાં આવેલા નિવેદનનો જવાબ આપ્યો છે. ભારતે શનિવારે સ્પષ્ટ કરી દીધુ છે કે, જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે. સાથે જ ભારતે ફરી એકવાર પાકિસ્તાન આતંકવાદને સમર્થન કરી રહ્યું હોવાની વાત કહી છે.



ભારતે કહ્યુ કે, આતંકવાદીઓને આશરો આપવો, મદદ કરવી અને સમર્થન કરવું પાકિસ્તાનના ઈતિહાસ અને નીતિઓમાં સામેલ છે. એ વાત પણ પણ ભાર આપવામાં આવ્યો કે પાકિસ્તાન તરફથી ગેરકાયદે કબજો જમાવેલો છે તે વિસ્તાર પણ ભારતનો હિસ્સો છે. ભારતે યૂએનને કહ્યુ કે, જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતના અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો હતા છે અને હંમેશા રહેશે. ેંદ્રચ્છમા ભારતના પ્રથમ મહિલા સચિવ સ્નેહા દુબેએ કહ્યુ કે, આજે પણ પાકિસ્તાનના વડાપ્રધાનને મહાસભામાં પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનનો એક રેકોર્ડ કરેલો સંદેશ સંભળાવવામાં આવ્યો હતો. ઈમરાને પોતાના ભાષણમાં ૧૩ વખત કાશ્મીરનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ હુરિયત નેતા સૈયદ અલી શાહ ગિલાનીના જનાજા અંગે જુઠ્ઠાણું ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકાના વ્હાઈટ હાઉસમાં શુક્રવારે ભારતીય સમય પ્રમાણે મોડી રાત્રે યોજાયેલી ક્વાડ દેશોની બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન્યૂયોર્ક પહોંચી ગયા છે.

આતંકવાદની ઘટનાઓને સાચી સાબિત કરવાનો પ્રયાસ કરતા સાંભળ્યા. આધુનિક દુનિયામાં આતંકવાદનો આવો બચાવ સ્વીકાર્ય નથી.

# મોદી-બાઈડન વચ્ચે એક કલાક ચર્ચા

## મોદી-બાઈડનની મુલાકાતમાં સુમેળ જોવા મળ્યો : પીએમ મોદીની આ વ્હાઈટ હાઉસની ત્રીજી મુલાકાત

વોશિંગ્ટન, તા.૨૫

પીએમ મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન વચ્ચે થયેલી પહેલી મુલાકાતમાં બંને નેતાઓ વચ્ચે સુમેળ જોવા મળ્યો હતો.

બંને નેતાઓ વચ્ચે એકાદ કલાક સુધી વાતચીત થઈ હતી અને બાઈડેને પોતાની ભવિષ્યવાણી યાદ અપાવતા કહ્યુ હતુ કે મેં ૨૦૦૬માં જ આગાહી કરી હતી કે, ૨૦૨૦ સુધી ભારત અને અમેરિકા એક બીજાની નિકટ આવશે.

બે વર્ષ બાદ ફરી એક વખત વ્હાઈટ હાઉસમાં પીએમ મોદીનુ ઉષ્માભેર સ્વાગત થયુ હતુ. બંને વચ્ચે મજાક પણ થઈ હતી. બાઈડને પીએમ મોદીના ખભા પર હાથ મુકીને ચેર ઓફર કરી હતી અને કહ્યુ હતુ કે, આ એ ખુરશી જેના પર હું ઉપરાષ્ટ્રપતિ હતો ત્યારે બેસતો હતો અને હવે તમે તેના પર બેસો. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, મને જે સન્માન અહીંયા આપવામાં આવ્યુ છે તેના પર ગર્વ

● અનુસંધાન પાન-૭ પર



# ફિટનેસ ટેસ્ટમાં બે વાર ફેઈલ થનારું વાહન ભંગારવાડે જશે

## ઓટોમેટેડ સ્ક્રેપેજ પોલિસીના નિયમો અધિસૂચિત કર્યા

નવી દિલ્હી, તા.૨૫

જો તમારી પાસે વર્ષો જૂની કાર છે તો સમાચાર તમારા માટે કામના છે. જો તમારું વાહન ફિટનેસ ટેસ્ટમાં બે વાર ફેલ થશે તો તે સીધું સ્ક્રેપિંગ માટે સ્ક્રેપયાર્ડ એટલે કે ભંગારવાડે જશે. તમારી કાર એકવાર ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જશે તો, તમે જરૂરી ફી ભરીને તેની ફિટનેસ ટેસ્ટ ફરીથી કરાવી શકો છો, પરંતુ જો તે બીજીવાર આ ટેસ્ટમાં નિષ્ફળ જાય તો તેને સીધી સ્ક્રેપ યાર્ડમાં લઈ જવી પડશે. સરકારે શનિવારે ઓટોમેટેડ સ્ક્રેપેજ પોલિસીના નિયમોને અધિસૂચિત કરી દીધા છે. આ નિમયો મુજબ, જો તમે ફિટનેસ ટેસ્ટના પરિણામોથી સંતુષ્ટ નથી તો તમે જરૂરી ફી ભરીને ફરીવાર ફિટનેસ ટેસ્ટ માટે અપીલ કરી શકો છો. અપીલ ફાઈલ કર્યાના ૧૫ દિવસની અંદર અપીલ ઓથોરિટી વાહનનું આંશિક અથવા સંપૂર્ણ નિરીક્ષણ કરવાનો આદેશ આપી શકે છે. જો આ ફિટનેસ ટેસ્ટમાં વાહન ફિટ હોવાનું જણાય તો અપીલ ઓથોરિટી આવા વાહનો માટે ફિટનેસ સર્ટિફિકેટ આપી શકે છે. અપીલ અધિકારીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# જયપુરમાં અકસ્માતમાં છ વિદ્યાર્થીઓનાં કરૂણ મોત

## રાજસ્થાનના જયપુરના ચાકસૂમાં વાન ટ્રકમાં ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત : ઘાયલ થયેલા પાંચને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા

જયપુર, તા.૨૫

રાજસ્થાનના જયપુરમાં શનિવારે સવારે એક મોટી દુર્ઘટના ઘટી કે જેમાં રીટ (આરઈઈટી) એટલે કે રાજસ્થાન એલિજિબિલિટી એક્ઝામ ફોર ટીચર્સની પરીક્ષા આપવા માટે જઈ રહેલા ૬ પરીક્ષાર્થીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે.

આ અકસ્માતમાં એક ઈકો વાન બેકાબૂ થઈને ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ ઘટનામાં ૫ લોકો ઘાયલ પણ થયા છે. તેઓની સારવાર ત્યાંની એક હોસ્પિટલમાં ચાલી રહી છે કે જેમાં એક વિદ્યાર્થીની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજસ્થાનના જયપુરના ચાકસૂમાં શનિવારે સવારે એક ટ્રક અને વાન વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો, જેમાં ૬ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં ૫ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને રાજસ્થાનના ચાકસૂની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. મૃત્યુ પામેલા તમામ લોકો વાનમાં સવાર હતા. જેમાં વાનનો ડ્રાઈવર પણ સામેલ છે. આ લોકો રીટ (આરઈઈટી) એટલે કે રાજસ્થાન એલિજિબિલિટી એક્ઝામ ફોર ટીચર્સની પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. આ વાનમાં લગભગ ૧૧ લોકો સવાર હતા.

આ અકસ્માત અંગે શોક વ્યક્ત કરતા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે ટ્વિટ કરતા જણાવ્યું હતું કે ચાકસૂમાં માર્ગ અકસ્માતમાં આરઈઈટીના ૬ ઉમેદવારોના મોત દુઃખદ છે. હું તમામ દિવંગત આત્માઓની શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરું છું.



# અમરિન્દરના પાંચ મંત્રીઓને પડતા મૂકાશે

નવી દિલ્હી, તા.૨૫

પંજાબના મુખ્યમંત્રી ચરણજિત સિંહ ચન્નીની નવી કેબિનેટમાં કયા મંત્રીઓને સ્થાન આપવામાં આવશે તે નક્કી થઈ ગયુ છે. જેમાં રાહુલ ગાંધીની મહત્વની ભૂમિકા રહી છે. ચન્નીએ દિલ્હીની મુલાકાત લીધી અને પંજાબ પાછા ફર્યા તેના ગણતરીના કલાકોમાં હાઈકમાન્ડે ફરી ચર્ચા કરવા માટે ચન્નીને દિલ્હી બોલાવ્યા હતા. આ વખતે રાહુલ ગાંધીના નિવાસ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના બે વરિષ્ઠ નેતાઓ અજય માકન અને હરિશ રાવત હાજર રહ્યા હતા. સૂત્રોનુ કહેવુ છે કે, કેબિનેટમાં કયા મંત્રીઓને સામલે કરવા તે નક્કી થયુ છે અને પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહની નિકટના મંત્રીઓના પત્તા કપાઈ ગયા છે.

# સોનુ સુદ હવે હૈદ્રાબાદમાં હોસ્પિટલ ખોલવા માગે છે

નવી દિલ્હી, તા.૨૫

કોરોનાકાળમાં લોકોની મદદ કરીને ચર્ચામાં આવેલા અભિનેતા સોનુ સુદ પર તાજેતરમાં આવકવેરા વિભાગે દરોડો પાડ્યો હતો અને તેમના પર ૧૮ કરોડ રૂપિયાની કર ચોરીનો આરોપ લગાવ્યો હતો.

જોકે એક અખબાર સાથે મુલાકાતમાં સોનુ સુદે આ આરોપોને ફગાવી દીધા છે. અભિનેતાએ કહ્યુ હતુ કે, કોઈ પણ ફાઉન્ડેશનને તેને મળેલા ફંડનો એક વર્ષમાં ઉપયોગ કરવાનો હોય છે. જો ફંડનો ઉપયોગ એક વર્ષમાં ના થાય તો તેનો ઉપયોગ કરવા માટે આગળ અપીલ થઈ શકે છે. મારા ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ચાર પાંચ મહિનાથી જ ફંડ એકઠુ

Thank you, Gandhinagar
આવા કઠીન સમયમાં પણ તમામ બેચીઝ છલકાવી દેવા બદલ
દિવાળી પહેલાંની અંતિમ બેચ (૪ ઓક્ટો.) ના ફોર્મ ૧લી ઓક્ટો. સુધી સ્વીકારવામાં આવશે
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૦૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channelની મુલાકાત લો.
ketannanavatigandhinagar

દાનની નમ્ર અપીલ
અંધજનોને ચા-નાસ્તો, ભોજન કરાવવા, અનાજ કરિયાણું દાનમાં આપવા સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને રસીદ મેળવો.
દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે
www.navjyotandhjanmandal.org
નવજ્યોત અંધજન મંડળ
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ,અમદાવાદ-380007
મો. 97268 84422

ગાંધીનગર માટે
આપનું LED TV, બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

મો. ૯૮૯૮૧૯૧૪૮૪
બોબી વેજીટેબલ
ફ્રેશ શાકભાજી/ફળોના
હોલસેલ વહેપારી
હોટલ/રેસ્ટોરન્ટના સ્પેશ્યાલીસ્ટ
લગ્ન પ્રસંગે વ્યાજબી ભાવે ઓર્ડર લેવામાં આવશે.
દુકાન નં. ૮, શાકમાર્કેટ, સેક્ટર-૨૧, ગાંધીનગર
૫૦૦ રૂપિયાથી વધુ ખરીદી પર હોમ ડીલીવરી ફ્રી



